પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૬૮ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૦૭-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બ્રિટાનમાં મહારાષ્ટ્રવાળી

## બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને હોદ્દા પારથી રાજીનામુ આપ્યું, ૪૧ મંત્રીઓના વિરોધ બાદ ખુરશી છોડવા મજબુર

લંડન,

બોરિસ સરકારમાં રાજીનામાનો દોર ચાલુ છે. હોમ ઓફિસ મિનિસ્ટર (ન્યાય) વિક્ટોરિયા એટકિન્સે બાદ હવે બોરિસે પણ રાજીનામું આપી દીધું છે.બોરિસ સરકારના મંત્રી જોન ગ્લેને પણ રાજીનામું આપી દીધું છે. તેમણે ટ્વીટ કર્યું કે હું ખેદ સાથે સરકારમાંથી રાજીનામું આપી રહ્યો છું. હું આ મામલે મીડિયા ઈન્ટરવ્યુ નહીં કરું. ૨૪ કલાકથી ઓછા સમયમાં બ્રિટિશ સરકારના ૧૬ અગ્રણી લોકોએ રાજીનામું આપ્યું છે. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સન પર રાજીનામું આપવાનું દબાણ વધી ગયું હતું રહ્યું છે.



બ્રિટનમાં સાંસદ ક્રિસ પિન્ચર પર દારૂના નશામાં જાતીય દુર્વ્યવહાર અને લોકો સાથે ગેરવર્તન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વાતની જાણ હોવા છતાં બ્રિટિશ પીએમ બોરિસ જોન્સને તેમને પ્રમોશન આપ્યું હતું, જે બાદ તેમના નેતૃત્વ પર સવાલો ઉભા થયા હતા. સરકારને ભારે ફટકો પડ્યો. વિપક્ષ તો હુમલાખોર તો હતો જ, સાથે જ જોન્સનની પોતાની પાર્ટીના સાંસદો પણ સવાલો ઉઠાવી રહ્યા હતા. જોકે, પીએમ બોરિસ જોન્સને પાછળથી સ્પષ્ટતા કરી હતી કે ક્રિસ પિન્ચરનું પ્રમોશન ખોટો નિર્ણય હતો. આ મુદ્દો ત્યારે હેડલાઈન્સમાં હતો જ્યારે પીએમ જોન્સન પહેલેથી જ 'પાર્ટી ગેટ' એપિસોડથી ઘેરાયેલા હતા.

બ્રિટનના પીએમ બોરિસ જોન્સન ગયા મહિને વિશ્વાસ મત જીતવામાં સફળ થયા હતા. આવી સ્થિતિમાં, કન્ઝર્વેટિવ પાર્ટીના નિયમો અનુસાર, તેમની વિરુદ્ધ એક વર્ષ સુધી બીજો અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય નહીં. જો કે, પાર્ટીના ઘણા સાંસદો ઈચ્છતાં હતા કે આ સમયગાળો ઘટાડવામાં આવે અથવા નાબૂદ કરવામાં આવે. ઘણા સાંસદો બાકીના મંત્રીઓ પર પણ રાજીનામું આપવા દબાણ કરી રહ્યા હતા.. ઘણા મંત્રીઓ અને સાંસદો પીએમ બોરિસ જોન્સનના નેતૃત્વ પર સવાલ ઉઠાવી રહ્યા છે. તેનો મુખ્ય હેતુ પીએમ બોરિસ જોન્સનને રાજીનામું આપવા દબાણ હતું .

બ્રિટનમાં બોરિસ જોનસનની સરકાર સામે સંકટના વાદળ છવાયા છે. છેલ્લા ૪૮ કલાકમાં કેબિનેટના ૫ મંત્રીઓ સહિત ૩૯ મંત્રીઓએ રાજીનામું આપી દીધું છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન જોનસન પર પદ છોડવાનું દબાણ વધી ગયું છે. છેલ્લા મહીને જે બે મંત્રીઓ ઋષિ સુનક અને સાજિદ જાવિદે સરકાર બચાવવા મહત્વની ભૂમિકા ભજવી હતી તેઓ પણ હવે જોનસનનો સાથ છોડી ચૂક્યા હતો એક મહિનામાં બીજી વખત બોરિસ સરકાર જોખમમાં મુકાઈ હતી આરોગ્ય મંત્રી સાજિદ જાવિદ અને ભારતીય મૂળના નાણાંમંત્રી ઋષિ સુનકના રાજીનામા સાથે શરૂ થયેલી નાસભાગ બુધવારે પણ ચાલુ રહી હતી. અને નાણાકીય સેવામંત્રી જ્હોન ગ્લેન, રક્ષામંત્રી રિચેલ મેક્લિએન, નિકાસ અને સમાનતા મંત્રી માઈક ફ્રીઅર, હાઉસિંગ અને કોમ્યુનિટીઝ જુનિયર મિનિસ્ટર નીલ ઓબ્રાયન, શિક્ષણ વિભાગના જુનિયરમંત્રી એલેક્સ બુર્ઘટ સહિત ૩૯ લોકોએ જોનસન પ્રત્યે અવિશ્વાસ વ્યક્ત કરીને રાજીનામા આપી દીધા હતાં.

પાર્ટીગત મામલે છેલ્લા મહીને જ બોરિસ જોનસને વિશ્વાસ મત જીત્યો હતો. કન્ઝર્વેટિવ પાર્ટીના નિયમો પ્રમાણે ૧૨ મહીના સુધી તેમની સામે બીજો અવિશ્વાસ પ્રસ્તાવ નહીં લાવી શકાય. આ વચ્ચે હવે જોનસનની જ પાર્ટીના કેટલાક સાંસદો ઈચ્છે છે કે, ૧૨ મહીનાના આ ઈમ્યુનિટિ પિરિયડને ઘટાડવામાં આવે અથવા સમાપ્ત કરવામાં આવે. કેટલાક સાંસદો એવા છે જે કેબિનેટના બાકીના મંત્રીઓને અપીલ કરી રહ્યા છે કે, તેઓ પણ મંત્રીઓની જેમ રાજીનામું આપી દે. આનો સીધો ઈરાદો બોરિસને રાજીનામું આપવા માટે મજબૂર કરવાનો છે. આવી સ્થિતિમાં જો બોરિસ જોનસન બહુમત ગુમાવે છે તો તેઓ રાજીનામું આપીને ફરીથી ચૂંટણી એલાન પણ કરી શકે છે.

જોનસોન પાસે હવે ત્રણ ઓપ્શન હતાં જેમાં ૧. જોનસન જ નિર્ણય કરશે કે, તેમણે રાજીનામું આપવું કે નહીં. અનેક મંત્રીઓએ તેમના પણ દબાણ વધાર્યું છે પરંતુ તેમણે હજું સુધી કોઈ નિર્ણય નથી કર્યો., ૨. કેટલાક વધુ મંત્રીઓએ રાજીનામું આપવું જોઈએ અને જોનસનને ખુરશી છોડવાની માંગ કરવી જોઈએ. અહેવાલ પ્રમાણે ટૂંક સમયમાં કેટલાક વધુ મંત્રીઓ કેબિનેટ છોડશે.૩. પાર્ટીના ૧૨ મહીનાન ઈમ્યુનિટિ વાળા નિયમને બદલવામાં આવે જેના વિશે અનેક મંત્રીઓએ સૂચન કર્યું છે.જો કે તેમણે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે.

## નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામની એપેક્ષ કમિટીની પ્રથમ બેઠક યોજાઈ

ગાંધીનગર,

નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામની એપેક્ષ કમિટીની પ્રથમ બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાંમંત્રી મતી નિર્મલા સિતારમણ, ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલ તથા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતીમાં યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ બેઠકમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સહભાગી થયા હતા. ગુજરાત ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા અન્ય રાજ્યોના ઉદ્યોગ મંત્રીઓ પણ આ બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાને વાસ્તવિક રૂપ આપવા માટે ધોલેરા એસઆઈઆરને કેન્દ્ર સરકાર દ્વારા મળી રહેલા સહયોગ અંગે આભારની લાગણી દર્શાવી હતી. તેમણે જણાવ્યું કે, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત ગુજરાતની આ પરિયોજના ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટીની પરિકલ્પના પર સાકાર થઈ રહેલી રાજ્ય સરકારની મુખ્ય પરિયોજના છે. ભારત સરકારના સહયોગથી આ પરિયોજના પી.એમ ગતિશક્તિ માસ્ટર પ્લાન અને મલ્ટિમોડેલ કનેક્ટીવીટીમાં માઈલસ્ટોન સાબિત થશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ દર્શાવ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ધોલેરા એસઆઈઆરને કેન્દ્ર સરકારના મળી રહેલા સંપૂર્ણ સહકારથી જ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ શક્યું છે. એટલું જ નહિ, નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા અહિ એક્સપ્રેસ-વે નું નિર્માણ થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીએ બેઠકમાં એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટી સીસીઈએની ગયા મહિને મળેલી બેઠકમાં ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આના પરિણામે હવે એરપોર્ટ પ્રોજેક્ટનો ત્વરાએ અમલ કરાશે. ભૂપેન્દ્ર પટેલે ધોલેરામાં સ્થપાનારા ઉદ્યોગો માટે રેલ્વે કનેક્ટીવીટીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાતના સંદર્ભમાં કહ્યું કે આ હેતુસર ભીમનાથ ધોલેરા રેલ પરિયોજના માટે જમીન સંપાદનની પ્રક્રિયા પ્રગતિમાં છે. સંયુકત માપણી સર્વેક્ષણ પુરૂં થઈ ગયું છે. તેમણે ઉમેર્યુ કે, આવનારા ૬ મહિનામાં આ રેલ પરિયોજના માટે જમીન ઉપલબ્ધિ સાથોસાથ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા પણ રાજ્ય સરકાર પ્રયાસરત છે. મુખ્યમંત્રીએ નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ગુજરાત સંપૂર્ણ સહયોગ આપવા તત્પર છે એમ પણ જણાવ્યું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર, ધોલેરા એસઆઈઆરના સી.ઈ.ઓ અને પ્રવાસન સચિવ હારિત શુકલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં એક સાથે ૨૬ વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત

ગાંધીનગર,

ગુજરાતના ફરી એકવાર કોરોનાએ માથુ ઉચક્યુ છે. તીવ્ર ગતિએ ગુજરાતના શહેરોમાં કોરોના આગળ વધી રહ્યો છે. ત્યા પાટનગર ગાંધીનગરમાં કોરોનાના રાફડો ફાટ્યો છે. ગાંધીનગરના એકસાથે ૨૬ વિદ્યાર્થીઓને કોરોના થયાના અહેવાલ સામે આવ્યા છે. ગાંધીનગરના એકસાથે ૨૬ વિદ્યાર્થીઓને કોરોના થતા આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. જેમાં ૧૩ મેડિકલ સ્ટુડન્ટ્સ છે. જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, ગાંધીનગરના ૧૩ વિદ્યાર્થીઓને કોરોના થયો છે. ખાસ વાત એ છે કે, ગાંધીનગર શહેરમાં કોરોનાના ૪૫ કેસો નોંધાયા હતા. જેમાંથી ૧૩ કોરોના પોઝિટિવ વિદ્યાર્થીઓ છે. આ તમામ વિદ્યાર્થીઓ અમદાવાદની કોઈ પાર્ટીમાં ગયા હોવાનું જાણવા મળ્યુ છે. આ ઉપરાંત આઈઆઈટી ગાંધીનગરના પણ ૧૩ વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થયા છે. વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ છે. બીજી તરફ, અમદાવાદના પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં વધુ કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં અમદાવાદમા એક જ દિવસમાં કોરોનાના ૨૫૯ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ૨૫ જેટલાં કેસ માત્ર જોધપુર વિસ્તારમાં નોંધાયા છે. તો શહેરના ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના કેસ નોંધાયા છે. થલતેજ, બોડકદેવ, જોધપુર, નારંગપુર ચાંદખેડા, શાહીબાગમા કેસ વધુ છે. અમદાવાદમાં કોરોનાના હાલ છુટાછવાયા કેસ છે. જોકે ક્લસ્ટરમાં કેસ ન નોંધાતા તંત્ર માટે હાલ રાહતના સમાચાર છે.

## પાકિસ્તાનીઓએ હરામી નાળાને અડ્ડો બનાવ્યો, BSFએ ઘૂસણખોરી કરતા ૪ માછીમાર પકડ્યા

ભુજ,

ભૂજની બીએસએફની ટીમે હરામી નાળામાંથી પાકિસ્તાની માછીમારોની ઘૂસણખોરીના પ્રયાસને ફરી એકવાર નિષ્ફળ બનાવ્યો. હરામીનાળામાં માછીમારી કરવા ઘુસતા ૪ પાકિસ્તાની માછીમાર પકડાયા છે. ૧૦ પાકિસ્તાની બોટ પણ ઝડપાઈ છે. જેની હવે વધુ તપાસ કરાશે.

૭ જુલાઈ ૨૦૨૨ ના રોજ, વહેલી સવારે હરામી નાળા વિસ્તારમાંથી પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા ૪ પાકિસ્તાની માછીમારો પકડાયા છે. બીએસએફ ભૂજેની વિશેષ અમ્બુશ દળે તેઓને પકડ્યા હતા. સાથે જ ૧૦ માછીમારી બોટ જપ્ત કરવામાં આવી. ગુજરાતના કચ્છ જિલ્લાને અડીને આવેલા ભારત-પાક સરહદ નજીકના હરામીનાળા વિસ્તારમાં અમ્બુશ ટીમે દરિયામાં હિલચાલ જોઈ હતી, જેના બાદ તેમણે તાત્કાલિક આસપાસના વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. બાદમાં સર્ચ ઓપરેશન શરૂ કરીને માછીમારો અને બોટને પકડ્યા હતા.

જપ્ત કરાયેલા માછીમારો અને બોટની સઘન તપાસ કરવામાં આવી હતી અને કોઈ શંકાસ્પદ સામગ્રી મળી આવી ન હતી. આમ વહેલી સવારે પિલર નંબર ૧૧૬૫/૧૧૬૬ પાસે બીએસએફએ વહેલી સવારે ઓપરેશન સફળ રીતે પાર પાડ્યું. પાકિસ્તાની બોટમાંથી કંઈ પણ શંકાસ્પદ નથી મળી આવ્યું, પરંતુ વધુ સઘન તપાસ હાથ ધરાઈ છે.

### જયશંકરે ચીનના વિદેશ મંત્રી વાંગ સાથે મુલાકાત કરી

## બંને નેતાઓ વચ્ચે લદ્દાખ, સરહદ પરની તાજેતરની સ્થિતિ ઉપર ચર્ચા કરવામાં આવી

નવીદિલ્હી,

વિદેશ મંત્રી એસ જયશંકરે ઈન્ડોનેશિયામાં તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે સરહદ પરની તાજેતરની સ્થિતિ પર ચર્ચા થઈ હતી. તેમાં લદ્દાખ ક્ષેત્રમાં લશ્કરી ગતિરોધનો મુદ્દો પણ સામેલ હતો. પૂર્વી લદ્દાખમાં ભારતીય સેના અને ચીની સેના વચ્ચેના ગતિવિધિને સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો પર, વિદેશ મંત્રીઓએ ગતિવિધિને સમાપ્ત કરવાના માર્ગો પર ચર્ચા કરી. જયશંકર અને વાંગ



યીએ લગભગ એક કલાક સુધી મુલાકાત કરી. એપ્રિલ-મે ૨૦૨૦માં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર ગતિવિધિઓ શરૂ થઈ ત્યારથી જયશંકર અને વાંગ વચ્ચેની આ ચોથી બેઠક છે. જણાવી દઈએ કે જયશંકર ૭ અને ૮ જુલાઈના રોજ બાલીમાં આયોજિત ૪૨૦ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા ઈન્ડોનેશિયા ગયા છે.

આ મીટિંગ વિશે માહિતી આપતા જયશંકરે પોતાના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પર લખ્યું, 'દિવસની શરૂઆત રાજધાની બાલીમાં વાંગ યી સાથેની મુલાકાતથી થઈ. એક કલાક સુધી અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. તેમણે આગળ લખ્યું, 'સીમાની સ્થિતિ સાથે જોડાયેલા અમારા દ્વિપક્ષીય સંબંધોને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ સાથે વિદ્યાર્થીઓ અને ફ્લાઈટ સહિત અન્ય બાબતો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. નોંધનીય છે કે થોડા સમય પહેલા ચીનમાં ભારતના રાજદૂત પ્રદીપ કુમાર રાવત અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ભારતીય વિદ્યાર્થીઓના પરત આવવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભારત અને ચીને કોવિડ-૧૯ પર બેઈજિંગના પ્રતિબંધોને કારણે બે વર્ષથી તેમના ઘરોમાં અટવાયેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવા અંગે ચર્ચા કરી હતી.

## કાશ્મીરના રૂ. ૨૨૦૦ કરોડના કિરુ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ મામલે ૧૬ સ્થળે CBIના દરોડા

નવીદિલ્હી,

કિરુ હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટમાં ૨,૨૦૦ કરોડ રૂ.ના ગોટાળાનો પર્દાફાશ કરતા સીબીઆઈએ કેસ દાખલ કર્યો છે. આ મામલે આરોપીઓની ધરપકડ માટે બુધવારે દિલ્હી, મુંબઈ, શ્રીનગર, જમ્મુ અને પટણામાં ૧૬ સ્થળે દરોડા પાડવામાં આવ્યા. ઓગસ્ટ, ૨૦૧૮થી ઓક્ટોબર, ૨૦૧૯ સુધી જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ રહેલા સત્યપાલ મલિકે આરોપ મૂક્યો હતો કે આ પ્રોજેક્ટ માટે તેમને ૩૦૦ કરોડ રૂ.ની લાંચ આપવાની ઓફર થઈ હતી. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલી કાર્યવાહી બપોરે ૩ વાગ્યા સુધી ચાલી. જમ્મુ અને દિલ્હીમાં ૫-૫, મુંબઈમાં ૩, શ્રીનગરમાં ૨ અને પટણામાં ૧ સ્થળે દરોડા પડ્યા. સીબીઆઈએ આ પ્રોજેક્ટમાં સામેલ મધ્યસ્થીઓ અને કંપનીઓની તપાસ કરી છે, જેમાં ચેનાબ વૅલી પાવર પ્રોજેક્ટના ચેરમેન નવીનકુમાર ચૌધરી પણ સામેલ છે. મુંબઈમાં પટેલ એન્જિનિયરિંગના ચેરમેન રૂપેન પટેલને ત્યાં પણ તપાસ ટીમ પહોંચી. તપાસ ટીમોએ ઘણા દસ્તાવેજો, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ તથા ટ્રાન્ઝેક્શન્સ સંબંધી મહત્ત્વના પુરાવા એકત્ર કર્યા છે. સીબીઆઈએ જમ્મુ-કાશ્મીરના વહીવટીતંત્રની ફરિયાદના પગલે ૨૨ એપ્રિલ, ૨૦૨૨ના રોજ પ્રાઈવેટ કંપનીના ચેરમેન, એમડી તથા ૨ ડાયરેક્ટર સામે કેસ દાખલ કર્યો. કંપનીએ સરકારી અધિકારીઓ સાથે મિલીભગત કરીને આ પ્રોજેક્ટના સિવિલ વર્કનો ૨,૨૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ ટેન્ડર વિના બારોબાર મેળવી લીધાનો આરોપ છે. ટેન્ડર પ્રક્રિયા અધવચ્ચે રોકીને ચેનાબ વૅલી પાવર પ્રોજેક્ટે સીધું કંપનીને ટેન્ડર આપી દીધું. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન પ્રાઈવેટ કંપનીના ચેરમેને એક મધ્યસ્થી મારફત સરકારી અધિકારીઓને મોટી રકમ આપી. ચેનાબ વૅલી પ્રોજેક્ટના એમડી એમ. એસ. બાબુ, ડાયરેક્ટર એમ. કે. મિત્તલ, અરુણ મિશ્રા અને પટેલ એન્જિનિયરિંગ સામે કેસ કરાયો છે.

## UNના મિશન કમાંડર તરીકે લેફ્ટનન્ટ જનરલ મોહન સુબ્રમણ્યમની નિમણૂક કરાઈ

નવીદિલ્હી,

સંયુક્ત રાષ્ટ્રના જનરલ સેક્રેટરી એન્ટોનિયો ગુટેરેસે ભારતીય સૈન્યના લેફ્ટિનેન્ટ જનરલ મોહન સુબ્રમણ્યમને દક્ષિણ સૂદાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનના ફોર્સ કમાંડર તરીકે નિયુક્તિ કરી છે.ત્યારે લેફ્ટિનેન્ટ જનરલ મોહન સુબ્રમણ્યમ આગામી સમયમા લેફ્ટિનેન્ટ જનરલ શૈલેષ તિનકરનું સ્થાન લેશે.



સંયુક્ત રાષ્ટ્રના એન્ટોનિયો ગુટેરેસે લેફ્ટિનેન્ટ જનરલ શૈલેષ તિનકરની સમર્પણ અને નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવવા બદલ પ્રસંશા કરીને કહ્યુ હતુ કે સંયુક્ત રાષ્ટ્ર તેમની સેવાઓ માટે આભાર વ્યક્ત કરે છે.લેફ્ટિનેન્ટ જનરલ સુબ્રમણ્યમનો ભારતીય સૈન્યમાં ૩૬ વર્ષનો વિશિષ્ટ સમયગાળો રહ્યો છે.જેઓ સૈન્યમાં કેટલાક મહત્વપૂર્ણ પદો પર કામ કરી ચૂક્યા છે. આ સિવાય વિયેટનામ, લાઓસ અને કંબોડિયામાં ભારતના પ્રતિનિધિ તરીકે કામ કરી ચૂક્યા છે.આ સિવાય તેઓ સિએરા લિઓનમાં સંયુક્ત રાષ્ટ્રના મિશનમાં સ્ટાફ ઓફિસર તરીકે ફરજ અદા કરી ચૂક્યા છે.

## દેશ સળગી રહ્યો છે અને પીએમ મોદી જનતાને એક અપીલ પણ કરતા નથી : અશોક ગહલોત

જયપુર,

રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગહલોતે ભાજપ પર નિશાન સાધ્યું હતું. એમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતાથી શાંતિ જાળવવાની અપીલ કરવી જોઈએ. જોકે, મને સમજાઈ રહ્યું નથી કે શા માટે તેઓ એમ કરવા ઈચ્છતા નથી. ગહલોતે કહ્યું હતું કે હું નરેન્દ્ર મોદીને વારંવાર અપીલ કરી રહ્યો છું કે તેઓ શાંતિ અને ભાઈચારાન સંદેશ દેશની જનતાને આપે, જેની અસર લોકો પર પડશે, પણ મને સમજાઈ નથી રહ્યું કે તેઓ શા માટે એમ કરી રહ્યા નથી. હાલમાં જ હૈદરાબાદમાં ભાજપની કાર્યકારિણી થઈ હતી જયા વડાપ્રધાને તમામ વાતો કહી પણ દેશને શાંતિ જાળવવાની અપીલ ન કરી. દેશ સળગી રહ્યો છે, તણાવ છે, લોકોની અંગર રોષ છે, હિંસા થઈ રહી છે એવા સમયે વડાપ્રધાને આગળ આવીને લોકોને અપીલ કરવી જોઈએ. હું વડાપ્રધાન મોદીને ફરી એકવાર વિનંતી કરુ છું કે તેએ દેશની જનતાને મેસેજ આપે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી કંજેટા વિ.મો.ક.ખે. વિ.વિ.કા.સ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. લીમડી મેઘરી, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પ્રમુખ/મંત્રી શ્રી માં ભગવતી સખી મંડળ

તરફથી અભીનંદન....

મુ. બોર, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રાઠવા સુમિત્રાબેન રાયસિંગભાઈ

તરફથી અભીનંદન....

મુ. પિપેરો, તા. ધાનપુર, જી. દાહોદ

### ઓન લાઈન ટેન્ડરીંગ

### જાહેર નિવિદા નં.૬, સને.૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી રસ્તાના કામના રૂા.૩૬.૦૦ લાખ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http://rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી. થી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૧૯/૦૭/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૧૭/૦૭/૨૦૨૨ સમય ૧૨.૦૦ |

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા×મ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૩૦૭/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લાના મોટી સરસણ જનની વિદ્યાલય ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથના વધામણા કરાયા

લુણાવાડા,

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત આજ રોજ મોટી સરસણ જનની વિદ્યાલય ખાતે સંતરામપુર તાલુકા પ્રમુખ શારદાબેન પટેલીયાના અધ્યક્ષ સ્થાને રથના વધામણા કર્યા હતા.

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સોવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે સમગ્ર રાજયમા ૫ મી જુલાઈથી મહીસાગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ થયો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ પ્રસંગે સંતરામપુર તાલુકા પ્રમુખ શારદાબેન પટેલીયા એ જણાવ્યુ કે, વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત તા.૧૯મી જુલાઇ સુધીમાં મહીસાગર જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપવા અનેક વિધ વિકાસ કામોના લોકાર્પણખાતમુહુર્ત થવાના છે. એટલું જ નહીં પરંતુ સરકારના વિવિધ લોકોપયોગી યોજનાઓના લાભો સીધા જ લાભાર્થીઓને આપવામાં આવશે.

મહીસાગર જિલ્લાસ પંચાયતની તમામ સીટો અને ત્રણેય નગરપાલિકા વિસ્તારમાં આ વંદે ગુજરાત વિકાસ યાત્રા બે રથના માધ્યમથી ફરશે. જે દરમિયાન સરકારના વિવિધ વિભાગો હસ્તતકના વિકાસ કામોનું લોકાર્પણ–ખાતમુહૂર્ત કરવામાં આવશે.

મોટી સરસણ ગામમા ગોઠીબડા તરફ જતા રોડથી આંગણવાડી તરફ સી સી રોડ નુ કામ,નવીન આંગણવાડી, આશ્રમ શાળાથી જેઠાભાઇ ઘર તરફ માટી મેટલ રોડ,ઉસેરીચા તળાવ તરફતી લીમડા જતા રસ્તાનુ માટી મેટલ કામનુ લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. અને મોટી સરસણ સી.સી રસ્તાનુ ખાતમુહૂત કરવામા આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ પછી મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કર્યુ હતુ.

આ કાર્યક્રમમાં, સરપંચ, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તલાટી, શાળાના આચાર્ય, વિદ્યાથીઓ અને મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લાના વિરણીયા પ્રાથમિક શાળા ખાતે ત્રીજા દિવસે વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ-૧ આવી પહોંચતા ગ્રામજનો ખુશહાલ

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના વિરણીયા પ્રાથમિક શાળા ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રા આવી પહોંચતા ગ્રામજનો ખુશહાલ બન્યા હતા. છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન સરકારની અનેકવિધ યોજના થકી છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભો પહોંચ્યા છે. ત્યારે જિલ્લા સભ્ય બકુલાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને વંદે ગુજરાત અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા સભ્ય બકુલાબેન ચૌહાણ જણાવ્યું હતું કે, આ વંદે ગુજરાત વિકાસ યાત્રા ૧૫ દિવસ સુધી ચાલુ રહેવાની છે. જિલ્લા પંચાયતની સીટ ઉપર કલ્સ્ટરના



ગામોમાં વિકાસ રથ પહોંચશે. સમગ્ર યાત્રા દરમિયાન પ્રભાતફેરી, ગ્રામસફાઈ, વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. બે દાયકા દરમિયાન સરકારે શિક્ષણ, આરોગ્ય, કૃષિ–બાગાયત, મહિલા અને બાળ વિકાસ, શાળા,આંગણવાડી, નલ સે જલ, રસ્તા વિગેરે યોજનામાં કરેલા વિકાસ કાર્યોની સિધ્ધિઓ રજુ કરાઇ રહી છે. આ સાથે વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ પણ થઈ રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ ગામના તમામ લોકો લે તે માટે અનુરોધ કર્યો હતો.

જિલ્લા સભ્ય બકુલાબેન ચૌહાણ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં વિકાસનું વિહંગાવલોકન કરવામાં આવનાર છે.જેમાં પશુપાલન, આરોગ્ય, બાગાયત, મહિલાઓ માટેની યોજના સહિત વિકાસ કામોની સાથે સિધ્ધિઓનું ફિલ્મ નિદર્શન,સાંસ્કૃતિક કાર્યક્રમો વિગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.


આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા.

## કડાણા તાલુકામાં ૨ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા અનેક ઘરોમાં પાણી ભરાયા કડાણા ડેમમાં નવા નીરના વધામણાં સાથે સપાટીમાં ૧ ફૂટ જેટલો વધારો ૨૪ કલાકમાં જોવા મળ્યો

કડાણા,

કડાણા તાલુકામાં ૨ કલાકમાં ૪ ઈંચ વરસાદથી અનેક વિસ્તારોમાં ઘરમાં પાણી ઘુસી જતા ઘરવખરી સહિતનો માલસામાન પલળી ગયો હતો. મધરાતે ઘરોમાં પાણી ઘુસી જતા લોકો અપાર મુશ્કેલીમાં મૂકાયા હતા. ઘરની બહાર પાણી કાઢવા આખી રાત ઉજાગરા કરી પાણી ઉલેચવાનું કામ કર્યું.

ગુજરાતમાં હજુ આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદ થાય તેવી આગાહી કરવામાં આવી છે. ત્યારે મંગળવારે મહીસાગર જીલ્લાના કડાણા તાલુકામાં રાત્રે બે કલાકમાં ચાર ઈંચ જેટલા વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં મુસીબત ઉભી કરી દીધી હતી અનેક વિસ્તારોમાં વરસાદ




મુસીબત બનીને આવ્યો હોય તેમ મોટા ભાગના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા તાલુકાના દીવડા કોલોની સરકારી વસાહતમાં આવેલ પોલીસ સ્ટેશન સામેના રહેણાંક વિસ્તારમાં ચાર ફૂટ પાણી ઘરો સુધી પહોંચી જતા અનેક ઘરોની ઘરવખરી પલળી ગઈ હતી. વસાહતમાં વરસાદી પાણીના નિકાલનો માર્ગ બંધ થઈ જતા ઘૂંટણ સમા પાણી ભરાઈ ગયા હતા. મંગળવારે રાત્રે મહીસાગર જીલ્લાના કડાણા તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેમા રાત્રે માત્ર બે કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ દે ધના ધન વરસતા ઘરો નદીમાં અને રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા. ઘરોમાં પાણી ઘુસી સ્થાનિકો આખી રાત ઉજાગરા કરી ઘરોમાં ભરાયેલ પાણી ઉલેચવામાં લાગી ગયા હતા. અમુક ઘરોમાં પાણી ફરી વળતા મદદ માટે લોકો રસ્તા ઉપર ટોળા કરી તંત્ર સુધી ખબર પહોંચાડવા એકઠા થયા હતા. જોકે, તાલુકા મામલતદારને આ બાબતે જાણ મળતા મોડી રાત્રે પાણીમાં ગરકાવ થયેલ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને જે વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં છે. તે વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તેવી બાંહેધરી આપી હતી.

## મહિસાગર જીલ્લાના ખેડૂત ખાતેદારો અને તેમના તમામ સંતાનોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ પૂરું પાડવા અંગે

લુણાવાડા,

મહીસાગર જિલ્લા ખેતીવાડી અધિકારીની અખબારીયાદીમાં જણાવ્યા અનુસાર જિલ્લાના તમામ ખેડૂતોને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અકસ્માત વીમા યોજના અંતર્ગત ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના દાખલ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ખેડૂત ખાતેદારો અને તેમના તમામ સંતાનોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ પૂરૂં પાડવામાં આવે છે. આ યોજનામાં અકસ્માતથી ખાતેદાર ખેડૂત અથવા તેમના સંતાનના મૃત્યુના કિસ્સામાં અથવા ૧૦૦% સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં રૂ. બે લાખ મળવાપાત્ર થાય છે. જો અકસ્માતના કારણે એક આંખ, એક હાથ, એક પગ ગુમાવવાના કિસ્સામાં રૂ. એક લાખ મળવાપાત્ર થાય છે. આ બાબતે જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાએ બનાવ બન્યાને ૧૫૦ દિવસની અંદર સાધનિક કાગળો રજુ કરવાના હોય છે. સાધનિક કાગળો મૃત્યુના કિસ્સામાં પી.એમ રિપોર્ટ તથા એફ. આઈ. આર નકલના આધારે અરજી કરવાની હોય છે. તેમ જણાવ્યું છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નગરમાં વરસાદની જોરદાર બેટિંગ નીચલા વિસ્તારોમાં પાણી ભરાયા ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર વીજળીના કડાકા સાથે વરસાદ થતાં ખેડૂતોમાં જીવનદાન મળેલું હતું.

## ગોધરાના ભેખડીયા ગામે ચાલતા જતાં દંપતિ પૈકી પત્નીને બાઈક ચાલકે અડફેટમાં લેતા ફેકચર

ગોધરા,

ગોધરા તાલુકાના ભેખડીયા ગામે રહેતા દંપતિ ગોધરા ખાતે દવા–ગોળી લેવા માટે ગામ સ્ટેશન ઉપર વાહનમાં બેસવા જતા હોય ત્યારે બાઈક ચાલકે મહિલાને અડફેટમાં લઈ ઈજાઓ કરી નાશી જતા આ બાબતે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો ગોધરા તાલુકાના ભેખડીયા ગામે રહેતા ભાસુભાઈ પટેલ અને તેમના પત્ની સાથે ગોધરા દવાખાનામાં ડાયાલીસીસની દવા–ગોળીઓ લેવા માટે ચાલતા ગામના સ્ટેશન ઉપર વાહનમાં બેસવા જતાં હતા. દરમ્યાન બાઈક નંબર જીજે.૧૭.એ.આર. ૩૨૯૧ ના ચાલકે પોતાનું, વાહન પુરઝડપે હંકારી લાવી કમળાબેનને અડફેટમાં લેતા થાપાના ભાગે ફેકચર કરી તેમજ શરીરે ઓછી વધતી ઈજાઓ કરી નાશી જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ પૂજારા ટેલીકોમ માંથી મોબાઈલ ચોરી કરનાર ઈસમને પોલીસે ઝડપી પાડયો

હાલોલ,

હાલોલ બસ સ્ટેશન સામે આવેલ પૂજારા ટેલીકોમમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ ઈસમે મોબાઈલની ચોરી કરી હતી. જેની ફરિયાદના આધારે હાલોલ પોલીસે મોબાઈલ ચોરી કરનાર પરપ્રાંતિય ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ એસ.ટી.બસ સ્ટેશન સામે આવેલ પૂજારા ટેલીકોમ નામની દુકાનમાં તા.૩૦ જુનના રોજ ગ્રાહકના સ્વાંગમાં મોબાઈલ જોવા આવેલ ઈસમ દ્વારા દુકાનના માલિક અને કર્મચારીઓની નજર ચુકવી મોબાઈલની ચોરી કરી નાશી છુટીયો હતો. આ બાબતે પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદના આધારે તપાસ હાથ ધરી લાઈકઅલી નાસીરખાન નામના પરપ્રાંતિય ઈસમને ઝડપી પાડી દુકાન માંથી ચોરી કરેલ મોબાઈલ ફોન રીકવર કરવામાં આવ્યો.

## કડાણાના રાકાકોટ પ્રા.શાળા માટે જમીન દાનમાં આપનાર પરિવારના સભ્યને મધ્યાહન ભોજન સંચાલકમાં નિમણુંક ન આપતા શાળાને તાળા

દિવડાકોલોની,

કડાણા તાલુકાના રાકાકોટ પ્રાથમિક શાળાના બાંધકામ માટે જમીન દાનમાં આપનાર પરિવારના સભ્યને મધ્યાહન ભોજન સંચાલક તરીકે નિમણુંક ન મળતા જમીન દાતા દ્વારા ચાલુ શાળાએ તાળાબંધી કરી દેતા શાળા શિક્ષકો દ્વારા બાળકોને અન્ય મકાનમાં બેસાડવાની ફરજ પડી હતી. ગત મહિને શાળા સંચાલક તી કરવામાં આવેલ ભરતીમાં ઉષાબેન દલપતભાઈ ડામોરને સંચાલક તરીકે ઓર્ડર મળ્યો હતો. પાંચ દિવસ બાદ અચાનક શાળાની જમીન દાનમાં આપેલ જમીન માલિક દ્વારા શાળાને



તાળા મારી દેતા બાળકોને આખો દિવસ ભુખ્ય રહીને ભણવાની ફરજ પડી હતી.

મહિસાગર જિલ્લામાં મધ્યાહન ભોજન ભરતીમાં સંતરામપુર બાદ કડાણા તાલુકાના રાકકોટ પ્રા.શાળા બનાવવા માટે જમીન દાતા સાથે અન્યાય થતાં શાળાને તાળાબંધી કરવામાં આવી હોવાનો બીજો કિસ્સો સામે આવ્યો છે. અગાઉના સમયમાં શાળા માટે જમીનનો ભોગ આપનાર માલિકના પરિવારને પ્રથમ લાભ મળશે તેવી મૌખિક બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ જયારે શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની ભરતીમાં જમીન માલિક લાડુબેન ધુળાભાઈ મછારે ઉમેદવારી કરી હતી પરંતુ સંચાલક તરીકે તેમની નિમણુંક ન થતાં જમીનનો ભોગ આપ્યા બાદ અન્યાય થયો હોય જેથી પોતાનો હકક છીનવાઈ રહ્યો હોવાની વાતને લઈ શાળાને તાળાબંધી કરવાની ફરજ પડી હોવાનુ જણાવ્યુ હતુ.

ઉલ્લેખનિય છે કે, એકબાજુ સરકાર દ્વારા પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજીને બાળકોને ભણવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે જયારે બીજી બાજુ તંત્ર દ્વારા આપવામાં આવેલી મૌખિક બાંહેધરીનો અમલ ન થતાં આખરે જમીન દાતાઓ દ્વારા શાળાઓને તાળા મારી દેવામાં આવતા ભણવા આવતા બાળકોને ભુખ્યા રહીને ભણવાનો વારો આવે છે.

## ફતેપુરામાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં ગેરકાયદેસર દબાણો દુર કરી પાણીનો નિકાલ કરાયો

ફતેપુરા,

ફતેપુરામાં મંગળવારના રોજ સાંજના પાંચ વાગ્યાના સુમારે અચાનક વરસાદ શરૂ થયો હતો ૬ થી રાતના ૧૦ વાગ્યા સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો.પાણીના નિકાલ માટે વર્ષો જુના નાળાઓ પર લોકો દ્વારા બાંધકામો કરી વેળાઓ પુરણ કરી દેવાયા છે. ફતેપુરાના ઝાલોદ રોડ પર મોટી મસ્જિદ લોકોના રહેણાંક મકાનના પાછળ આવેલા વેળા પર ગેરકાયદેસર બાંધકામ, બેંક ઓફ બરોડા, બાલાજી સોસાયટી વિસ્તારમાં પાણીના નિકાલના નાળાઓ પર દબાણ પાછલા પ્લોટમાં પાણીના નિકાલની જગ્યાઓ પર દબાણ, પ્લોટ રહેણાંક સોસાયટીઓ બાંધી દેવાતા નગરમાં પાણીનો નિકાલ ન થતાં પાણી લોકોના ઘરોમાં ભરાતા રાત્રિમાં ગામમાં હાહાકાર મચ્યો હતો. પાણીનો નિકાલ ન થતાં લોકોના ઘરોમાં પાણી ભરાતા લોકોને ધાબાઓ પર ચઢવાનો વારો આવ્યો હતો. ઘરોમાં પાણી ભરાતા રાત્રિ દરમિયાન લોકોએ રોષ વ્યકત કરી તાલુકાથી લઈને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને ગેરકાયદેસર દબાણ ખુલ્લુ કરવા ફોનો કર્યા હતા. ત્યારબાદ સફાળે જાગેલા તંત્ર દ્વારા આવા બાંધકામો ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## દાહોદના કાળી તળાઈ નેશનલ હાઈવે ઉપર આઈસર ગાડી માંથી ૨૦ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે દાહોદ ઈન્દૌર નેશનલ હાઈવે પરથી દાહોદ એલ.સી.બી. પોલીસે આઈસર ગાડી સાથે ચાલકને ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં ગાડીમાંથી વિદેશી દારૂની ૩૭૦ પેટીઓ કિંમત રૂા. ૨૦,૦૨,૫૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩૦,૦૭,૫૬૦નો મુદ્દામાલ કબજે કરતાં દાહોદ જિલ્લામાં બુટલેગરો આલમમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે દાહોદ ઈન્દૌર નેશનલ હાઈવે પર વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ એક આઈસર ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે આઈસર ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી અને ગાડીના ચાલક ગણપતલાલ પુરખારામ બિશ્નોઈ (રહે.પાદરડી, તા. ગુંડામાલીની, જી. બાડમેર, રાજસ્થાન) નની પોલીસે અટકાય કરી આઈસર ગાડીની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આઈસર ગાડીમાં જંગી જથ્થામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂની પેટીઓની ગણતરી કરતાં વિદેશી દારૂની કુલ ૩૭૦ પેટીઓ જેમાં બોટલો નંગ ૪૪૪૦ કિંમત રૂા.૨૦,૦૨,૫૬૦ના પ્રોહી જથ્થા સાથે આઈસર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩૦,૦૭,૫૬૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે એલ.સી.બી. પોલીસે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહારાષ્ટ્રનું નવું પાવર સેન્ટર થાણે બન્યું, અંતુલે, રાણેથી વધુ એકનાથ શિંદે અસરદાર રહ્યાં

મુંબઇ,

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ એકનાથ શિંદે મુખ્યમંત્રી બની ગયા છે જે થાણે વિસ્તારથી આવે છે.આનંદ દિધે બાદ શિવસેનામાં થાણે જીલ્લાનો મજબુત ચહેરો માનવામાં આવતા એકનાથ શિંદેના માથા પર મુખ્યમંત્રીનો તાજ આવતા જ થાણેને મહારાષ્ટ્રનું હવે નવું પાવર સેન્ટ્ર માનવામાં આવી રહ્યું છે શિંદે પહેલા કોંકણ રીજનથી આવનારા નારાયણ રાણે અને એ આર અંતુલે ભલે જ મુખ્યમંત્રી બન્યા હતાં પરંતુ સત્તા રિમોર્ટ કંટ્રોલ કોઈ અન્યના હાથમાં રહેતો હતો એવામાં જોવું છે કે શિંદે શું રાજકીય પ્રભાવ જમાવે છે

એ યાદ રહે કે મહારાષ્ટ્રના કોકણ વિસ્તારમાં પાલધર થાણે રાયગઢ મુંબઈ રત્નાગીરી અને સિંધુદુર્ગ જીલ્લો આવે છે અહીં શિવસેનાનો શરૂથી જ મજબુત ગઢ માનવામાં આવે છે અને સત્તાનો પહેલો સ્વાદ થાણેથી જ શિવસેનાએ ચાખ્યો હતો કોંકણના થાણે વિસ્તારમાં શિવસેનાના મજબુત નેતા આનંદ દિધે ગણાતા હતાં તો નારાયણ રાણે પણ કયારેક બાલ ઠાકરેના નજીકના હતાં જે સિંધદુર્ગ જીલ્લાથી છે.

આનંદ સિધેના નિધન બાદ અને નારાયણ રાણેના પાર્ટી છોડયા બાદ એકનાથ શિંદે શિવસેના અને ઠાકરે પરિવારની નજીકના બન્યા આ રીતે તેમણે થાણે જીલ્લા સહિત સમગ્ર કોકણ વિસ્તારમાં પોતાનો રાજકીય પ્રભાવ સ્થાપિત કર્યો રાણે અને અંતુલે બાદ એકનાથ શિંદે કોંકણ વિસ્તારથી ત્રીજા મુખ્યમંત્રી બન્યા છે આ રીતે શિંદેની તાજપોશીની સાથે જ થાણે અને કોંકણ રીજનની રાજનીતિનું મહત્વ એકવાર ફરી વધી ગયું છે શિંદેએ આનંદ દિધેની સમાધી શક્તિ સ્થળના દર્શન કર્યા હતાં અને કહ્યું કે અમારી સરકાર અંતિમ વ્યક્તિ સુધી પહોચશે

મહારાષ્ટ્રના ઈતિહાસમાં પહેલીવાર થાણેની ચર્ચા રાષ્ટ્રીય સ્તર પર શિંદેના બળવા બાદ થવા લાગી કારણ કે શિંદેની રાજકીય કર્મભૂમિ થાણે છે આવામાં શિંદેના મુખ્યમંત્રી બન્યા બાદ થાણે જ નહીં કોંકણના જીલ્લાની રાજનીતિમાં તેજીથી પરિવર્તન આવશે શિંદેની સાથે થાણે અને પાલધરના તમામ શિવસેનાના ધારાસભ્યો ઉભા છે અને કોંકણ વિસ્તારમાં ઉદ્ધવ ઠાકરે માટે રાજકીય સંકટ ઉભુ થઇ ગયું છે.

મહારાષ્ટ્રનો કોંકણ વિસ્તાર શિવસેનાનો શરૂથી જ મજબુત ગઢ રહ્યો છે જેને કારણે બાલા સાહેબ ઠાકરેએ મનોહર જોશી બાદ નારાયણ રાણેને મુખ્યમંત્રી બનાવ્યા હતાં રાણે મુખ્યમંત્રી બન્યા પરંતુ સત્તાનું રિમોટ બાલ ઠાકરેના હાથમાં રહ્યું રાણે મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારના સિંધુદુર્ગ જીલ્લાથી આવે છે અને શિવસેનાના પ્રભાવશાળી નેતા રહ્યાં છે પરંતુ ઉદ્ધવ ઠાકરેની સાથે રાણેના સંબંધ એવા ખરાબ થયો કે તેમણે ૨૦૦૫માં શિવસેનાને છોડી દીધી જો કે રાણેની પાર્ટી છોડવાની અસર કોંકણમાં જોવા મળી નહીં કોંકણ રીજનથી સૌથી પહેલા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનનારાઓમાં કોંગ્રેસ નેતા એ આર અંતુલેનું નામ આવે છે જે રાયગઢ જીલ્લાથી આવતા હતાં અંતુલે ૧૯૮૦માં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા હતાં જયારે તેની પહેલા મરાઠાવાડાનો રાજનીતિમાં દબદબો હતો અંતુલે સત્તાનું સુકાન સંભાળ્યું પરંતુ રાજકીય પ્રભાવ છોડી શકયા નહીં તે સમયે કોંગ્રેસમાં દિલ્હી દરબાર મજબુત થવાને કારણે અંતુલેના તમામ નિર્ણય લેવા માટે વરિષ્ઠ નેતૃત્વથી વિનંતી કરવી પડતી હતી.

શિંદે કોંકણથી ત્રીજા મુખ્યમંત્રી બન્યા છે જે થાણે જીલ્લાથી આવે છે થાણેના શિવસેનાના મજબુત નેતા આનંદ દિધેની આંગળી પકડી શિંદેએ રાજકીય દાવ શિખ્યા છે.જયારે ઉદ્ધવના મુખ્યમંત્રી બન્યા બાદ શિવસેનાની મુંબઈ લોબીએ ઠાકરે પરિવારની ચારેબાજુ ઘેરો બનાવી રાખ્યો હતો જેને કારણે કોંકણ રીજનના બીજા ક્ષેત્રના નેતા સાઈડ લાઈન હતાં આવામાં ઉદ્ધલનો તખ્તોપલટ કર્યા બાદ શિંદે જે રીતે કોંકણના શિવસેના ધારાસભ્યોને પોતાની સાથે રાખ્યા છે તેનાથી સ્પષ્ટ છે કે સત્તામાં આ વિસ્તારનો પ્રભાવ જોવા મળશે

## બે વર્ષ બાદ અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો યોજાશે

અંબાજી,

કોરોનાના બે વર્ષ દરમિયાન અનેક એવા કાર્યક્રમો પર રોક લાગી હતી, જેમાં માનવ મહેરામણ ઉમટી પડતુ હોય. ત્યારે ૨૦૨૨ માં બે વર્ષ બાદ હવે કાર્યક્રમો આયોજિત થઈ રહ્યાં છે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાને પણ મંજૂરી મળી ગઈ છે. ત્યારે અંબાજીમાં આગામી તા. ૫ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમનો મેળો યોજાશે તેવી જાહેરાત તંત્ર દ્વારા કરી દેવાઈ છે.

બે વર્ષ બાદ ફરીથી ભાદરવી પૂનમનો મેળો યોજાશે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાના અંગે પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. ત્યારે આ વર્ષે ભાદરવી પૂનમમાં વધુ ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે, કારણ કે સતત બે વર્ષ ભક્તો પૂનમથી દૂર રહ્યા હતા. આ વર્ષે દૂરદૂરથી લાખો પદયાત્રિકો માતાજીના દર્શનાર્થે આવવાની ધારણા છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

વૃષભ (બ,વ,ઉ) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

મીથુન (ક,છ,ઘ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઈ શકે છે.

કર્ક (ડ,હ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

સિંહ (મ,ટ) : ાવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

વૃશ્ચિક (ન,ય) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

# ફતેપુરા ખાતે રૂ.૪.૮૮ કરોડથી વધુના ખર્ચે નિંમાણ પામેલા બે મેજર બ્રિજનું લોકાર્પણ કરતા વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા

દાહોદ,

વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ રાજ્યના સરહદી ગામો ખાતે રૂ. ૪.૮૮ કરોડથી વધુના ખર્ચે નિંમાણ પામેલા બે મેજર બ્રિજનું આજે દાહોદનાં ફતેપુરા ખાતેથી લોકાર્પણ કર્યું છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત સરહદી ગામોમાં તૈયાર કરાયેલા આ બંને બ્રિજથી ૩૧ હજારથી વધુ લોકોને મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે. જે અંતર્ગત રૂ.૨૫૧.૩૨ લાખના ખર્ચે ડુંગર ગઢરા રોડ ઉપરના ૮૦ મીટરના બ્રીજનું કામ પૂર્ણ કરાયું છે. તેમજ ઝેર એપ્રોચ રોડ ઉપર ૮૦ મીટરના બ્રિજનું રૂ. ૨૩૭.૦૭ લાખના ખર્ચે કરાયું છે.

આ ઉપરાંત ફતેપુરા ખાતે આજે વિકાસ કાર્યોનો વરસાદ થયો હતો. મહાનુભાવોએ કરેલા વિવિધ લોકાર્પણમાં સુખસર ગામમાં રૂ. ૨૯.૫૦ લાખના ખર્ચે પશુદવાખાનું, મોટી નાદુંકણમાં રૂ. ૧૪૫ લાખના ખર્ચે શાળાના ઓરડા તેમજ ૧૫ લાખના ખર્ચે પંચાયત ઘર, ઝેર ગામ ખાતે રૂ. ૧૫ લાખના ખર્ચે પંચાયત ઘર અને ડુંગર ગામ ખાતે રૂ. ૧૯ લાખના ખર્ચે પંચાયત ઘર તેમજ સંજેલી તાલુકાના સંજેલી ગામ ખાતે રૂ. ૩૫.૯૬ લાખના ખર્ચે આઈસીડીએસના ભવનનું નિર્માણ કરાયું છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

રાજ્ય સરકાર સામાન્ય માણસોને પાયાની માળકાગત સુવિધાઓ આપવા કટિબદ્ધ હોવાનું જણાવતા દંડક રમેશભાઈ કટારાએ કહ્યું કે, રાજ્ય સરકાર સામાન્ય માણસોની સુખાકારીમાં વધારો થાય એ માટે સતત પ્રયત્નશીલ છે. દાહોદ જિલ્લામાં પણ સામાન્ય માણસોને પાયાની માળખાગત સુવિધાઓ મળી રહે તે માટે જનસુખાકારીના કાર્યો ઝડપથી લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યાં છે.

તેમણે જણાવ્યું કે, ફતેપુરા તાલુકા ખાતે ૮૦ મીટર લંબાઈના મેજર બ્રીજનું મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૨૫૧.૩૨ લાખના ખર્ચે ડુંગર ગઢરા રોડ ઉપરના બ્રીજનું કામ પૂર્ણ કરાયું છે. બ્રીજની બંને બાજુ ૫ મીટર લંબાઈનો સીસી રોડ પણ તૈયાર કરાયો છે. આ બ્રિજના તૈયાર થવાથી રાજ્યના સરહદી ગામો ડુંગર, ગઢરા, ઝેર, વડવાસના ગામોની કુલ ૧૪૭૩૭ લોકોને સીધો ફાયદો થશે અને તેમના કીમતી સમયનો બચાવ થશે. તેમજ માનગઢ પ્રવાસન સ્થળ ખાતે પહોંચવામાં પણ મુસાફરોને સરળતા થશે.

તેમણે ઉમેર્યું કે,ઝેર એપ્રોચ રોડ ઉપરના મેજર બ્રિજનું નિર્માણ રૂ. ૨૩૭.૦૭ લાખના ખર્ચે કરાયું છે. અહીં ૮૦ મીટર લંબાઈનો બ્રિજ બની જવાથી રાજ્યના સરહદી ગામો ડુંગર, ઝેર, સલરા અને ભુતખેડી ગામોની ૧૭૨૨૭ લોકોને સીધો ફાયદો થશે. તેમનો સમય બચશે અને મુસાફરીની સરળતા થશે. આ બ્રિજની સાથે બંને તરફ ૧૨૦ મીટરનો સીસી રોડ પણ તૈયાર કરાયો છે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે આ પ્રસંગે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં છેલ્લા બે દાયકામાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. જિલ્લામાં છેલ્લા બે દાયકામાં વિવિધ યોજનાકીય લાભો અને જનવિકાસના કાર્યો જનજન સુધી પહોંચતા કર્યા છે. ફતેપુરા તાલુકાના ૨૨ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તાલુકામાં વિવિધ વિકાસકાર્યો જે આ બે દાયકામાં નાગરિકોને મળ્યા છે. રાજ્ય સરકારે નવી તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, બસ સ્ટેશન તાલુકાને ભેટ આપ્યા છે. રાજ્યમાં જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત પણ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ફતેપુરા તાલુકાથી કરી હતી. આ બે દાયકામાં તાલુકામાં રૂ.૫૮૮ કરોડના વિકાસ કાર્યો થયા છે તેમ સાંસદએ ઉમેર્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ આ સૂત્રને સાર્થક કરવા અથાગ પ્રયત્ન કરી રહી છે. ત્યારે ફતેપુરા ખાતે આ બ્રિજના નિર્માણથી સરહદી ગ્રામ વિસ્તારમાં રહેતા હજારો લોકો માટે સુવિધા પ્રાપ્ત થઈ છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, બાંધકામ સમિતિના ચેરમેન, શિક્ષણ સમિતિના ચેરમેન, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, અગ્રણી શંકરભાઈ અમલીયાર, જિલ્લા પંચાયતના સભ્યઓ તાલુકા પંચાયત સભ્યઓ, સરપંચઓ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનપુરના ડભવા ગામે સરકારી જંગલ જમીન ખેડાણ રોકતા ફોરેસ્ટ અધિકારી ઉપર પથ્થર મારો અને જીવલેણ હુમલો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ડભવા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ડભવા ગામે આવેલ સરકારી જંગલની જમીનમાં સાફ સફાઈ તેમજ ખેડાણ કરતાં મહિલા સહિત ૧૫ ઈસમોના શસ્ત્રધારી ટોળાને જંગલ ખાતાના અધિકારીઓએ રોકવા જતાં ટોળાએ જંગલ ખાતાના અધિકારીઓ ઉપર પથ્થર મારો સહિત હથિયારો વડે જીવલેણ હુમલો કરી તેમજ રૂા. ૧૦,૦૦૦/–ના મુદ્દામાલની લુંટ ચલાવી એક અધિકારીનું અપહરણ કરવાની કોશિષ કરી તેમજ જંગલ ખાતા અધિકારીઓની ગાડીઓની તોડફોડ કરી એક મહિલાને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ટોળાએ ભારે ધિંગાણું મચાવી નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૦૬ જુલાઈના રોજ ડભવા ગામે રહેતાં ગણપતભાઈ ચન્દ્રાભાઈ બારીઆ, જુવાનસિંહ ચન્દ્રાભાઈ બારીઆ, પીન્ટુભાઈ ગણપતભાઈ બારીઆ, જશુભાઈ ઉકારભાઈ બારીઆ, મનહરભાઈ બળવંતભાઈ બારીઆ, સંજયભાઈ મોહનસીંગ નાયક, સુનીલભાઈ જશુભાઈ બારીઆ, રમીલાબેન ચન્દ્રાભાઈ બારીઆ, કોકીલાબેન જુવાનસીંગ બારીઆ, સંગીતાબેન મોહનભાઈ નાયક, અપ્પીબેન છત્રાભાઈ બારીઆ, રીન્કુબેન જુવાનસીંગ બારીઆ તથા તેમની સાથે અન્ય બે–ત્રણ મહિલા સહિત ઈસમોના ટોળાએ પોતાની સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે હાથમાં ધારીયા, ગોફણો, લાકડીઓ તેમજ હાથમાં છુટ્ટા પથ્થરો લઈ મારક હથિયારો ધારણ કરી ડભવા ગામે આવેલ જંગલ ખાતાની સરકારી જમીનમાં સાફ સફાઈ તેમજ ખેડાણ કરવા જતાં હતા. તે સમયે આ અંગેની જાણ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના વનરક્ષક કંજેટા રેન્જના અધિકારીઓને થતાં તેઓ સરકારી ગાડીઓ લઈ ઉપરોક્ત ઈસમો જંગલ ખાતાની જમીનમાં સાફ સફાઈ તેમજ ખેડાણ કરતાં હતા. તે સ્થળે પહોંચ્યાં હતા. ત્યાર જતાની સાથે ઉપરોક્ત ટોળાએ જંગલ ખાતાના અધિકારી સુરેશભાઈ ચીમનભાઈ બારીઆ તથા તેમના સ્ટાફે ઉપરોક્ત ઈસમોને રોકવા જતાં ઉપરોક્ત ઈસમોએ જંગલ ખાતાના અધિકારીઓને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો અહીં કેમ આવેલ છો, આજે તો તમો બધાને મારી નાંખવાના છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ અધિકારીઓ ઉપર હુમલો કરી પથ્થરો વડે, લાકડીઓ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી નંદુબેન નરસિંહ પારગીને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી અને સુરેશભાઈનો એક મોબાઈલ ફોન, પાકીટમાંથી રોકડા રૂપીયા ૭,૦૦૦ વિગેરે મળી કુલ રૂા. ૧૦,૦૦૦ના મુદ્દામાલની લુંટ ચલાવી હતી ત્યારે સુરેશભાઈને પકડી પાડી મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરવાની કોશિષ કરતાં અન્ય વન અધિકારીઓની ગાડીઓ સ્થળ પર દોડી આવી હતી તેઓને જોઈ ટોળાએ સરકારી ગાડીઓ ઉપર ભારે પથ્થર મારો કરી સરકારી ગાડીઓને નુકસાન પહોંચાડી સુરેશભાઈને સ્થળ પર છોડી મુકી ટોળાએ મારી નાંખવાની ધમકી આપી નાસી જતાં ભારે ધિંગાણાના પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે ધાનપુર તાલુકાના કંજેટા રેન્જ વન રક્ષક ખાતે ફરજ બજાવતાં સુરેશભાઈ ચીમનભાઈ બારીઆએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી તમામ આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# લીમખેડાના વડિયા નજીક એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત

લીમખેડા,

લીમખેડા તાલુકાના વડિયા નજીક ટ્રક અને એસટી બસ વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ૨૦ થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હોવાનું પ્રાથમિક તબક્કે માહિતી પ્રાપ્ત થઈ છે. ત્યારે આ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખસેડાયા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝાલોદ થી સુરત તરફ જતી ઓલપાડ ડેપોની Gj-18-Z-4881 નંબરની એસટી બસ સવારે ઝાલોદ ડેપો થી સુરત જવા ઊપડી હતી. ત્યારે રસ્તામાં લીમખેડા તાલુકાના વડિયા



નજીક સામેથી આવી રહેલા ટ્રકે એસટી બસને જોશભેર ટક્કર મારતા બસમાં મુસાફરી કરી રહેલા એસટી બસના ચાલક સહિત ૨૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. ટ્રક અને એસટી બસ જોશભેર અથડાતા આસપાસના લોકો તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બસમાંથી ઈજાગ્રસ્તો મુસાફરોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. જોકે, આ બનાવની જાણ સ્થાનિક પોલીસ તેમજ ૧૦૮ ઈમરજન્સી સેવાને થતા તેઓ પણ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. સમાચાર લખાય છે ત્યાં સુધી ટ્રક અને એસટી બસ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ મુસાફરોને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું પ્રાથમિક તબક્કે માહિતી પ્રાપ્ત થઈ છે.

# દાહોદ પાલિકાએ સીંગલ યુઝ પ્લાસ્ટીકના ૭૦ કિલોનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરમાં નગરપાલિકા દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ૭૦ કિલોથી વધુનો જથ્થો ઝડપી પાડી વેપારીઓ પાસેથી કુલ રૂા. ૪૦૦૦ થી વધુના દંડની વસુલાત કરી હોવાનું જાણવા મળે છે.

સરકાર દ્વારા સીંગલ યુઝ પ્લીસ્ટીક ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં ઘણા વેપારીઓ દ્વારા હાલ પણ સીંગલ યુઝ પ્લાસ્ટીકનું વેચાણ કરતાં અને રાખતાં હોવાની માહિતી દાહોદ નગર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પાલિકાને મળતાં આજરોજ દાહોદ નગરપાલિકાના સત્તાધિશોએ દાહોદ શહેરમાં આવેલ શાક માર્કેટ અને ફ્રુટ માર્કેટ ખાતે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવી હતી. જેમાં વેપારીઓ પાસેથી ૭૦ કિલોથી વધુ પ્લાસ્ટીકનો જથ્થો પાલિકાએ ઝડપી પાડી વેપારીઓ પાસેથી કુલ રૂા.૪૦૦૦થી વધુની રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ત્યારે બીજી તરફ નગર પાલિકા દ્વારા શહેરમાં અન્ય સ્થળોએ પણ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરે તો વધુમાં વધુ સીંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો મળે તેવી શક્યતાઓ પણ વ્યકત કરાઈ રહી છે. આજની પાલિકાની ટીમના ધામાને પગલે વેપારીઓમાં ફફડાટ પણ ફેલાઈ જવા પામ્યો હતો.

# દે.બારીઆ એસ.ટી. ડેપોમાં ખાનગી વાહનોનો અડિંગો



દે.બારીઆ,

દે.બારીઆ એસ.ટી.ડેપોમાં એસ.ટી. તંત્ર દ્વારા કાયદેસર રીતનો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવેલ છે. હવે આ ખાનગી ગાડીઓ વાળા વહેલી સવારે પોતાની ગાડીઓ દે.બારીઆ એસ.ટી. ડેપો સંકુલમાં લાવી અને બિન્દાસ્ત રીતે પેસેન્જર ભરીને જતા હોય છે. ખાસ ધરીને ધાનપુર જવાના રૂટ ઉપર આ ખાનગી ગાડીઓ વાળા એસ.ટી.બસ ઉપડવાના સમય પહેલા પોતાની ગાડી લાવીને મુકી અને પેસેન્જરને ઓછુ ભાડું લેવાનુ કહી ગાડીમાં બેસાડી દેતા હોય છે. જેને કારણે સરકારના એસ.ટી. તંત્રને બસમાં પેસેન્જર નહિ મળવાને કારણે મોટી ખોટ જતી હોય છે. દે.બારીઆ એસ.ટી.ડેપો મેનેજર શાંતિલાલ પટેલ સાથે રૂબરૂ વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, આ ગાડીઓ વહેલી સવારે ભરાતી હોય છે જે મારી જાણ બહાર છે. દે.બારીઆ એસ.ટી. સંકુલમાં ખાનગી વાહનો કોની મહેરબાનીથી બેરોકટોક પેસેન્જર ભરી ધાનપુર સુધી જતી હોય છે. આમ દે.બારીઆ એસ.ટી.ડેપો સંકુલ વિસ્તારનો પાર્કિંગ ઝોન હોવા છતાં પણ ખાનગી ગાડીઓવાળા પોતાની મનમાનીથી બેરોકટોક પેસેન્જર ગાડીમાં ભરતા હોય સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા જરૂરી પગલા લઈ કાર્યવાહી કરી એસ.ટી. તંત્રને જતી નાણાંકિય ખોટમાંથી ઉગારે તે જરૂરી છે.


દાહોદ એસટી ડેપો નજીકમાં ખાનગી વાહનો દ્વારા મધ્યપ્રદેશના ઝાબુઆ મેઘનગર અલીરાજપુર અને ગરબાડા જવા માટે પણ ખાનગી ગાડીઓ ભરાતી હોય છે, પણ સરકારની પગાર ખાનારા અધિકારીઓ સરકારના નુકશાન કેમ પહોંચાડી રહ્યા છે ? દાહોદ જિલ્લામાં આવી કેટલી ખાનગી ગાડીઓ છે અને કેટલું સરકારને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. તે તો તપાસવાનું વિષય છે, પણ શું ખરેખર તપાસ થશે ખરી ?

# દે.બારીયા નગર પાલિકાના દ્વારા નવિન ટાઈમર સ્ટ્રીટ લાઈટનો પોલની ખરીદીમાં મસમોટું કૌભાંડ થયાની ગંધ આવે છે...???

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં હાલમાં ગયા બુધવારના રોજ સાંજના સમયે પાવાગઢના હાઈવે રોડ ઉપર રોડની બન્ને સાઈડમાં નગર પાલિકાના દ્વારા ટાઈમર સ્ટ્રીટ લાઈટો શહેરના ગણીયા ગાંઠીયા વિસ્તારોમાં છેલ્લા એક વર્ષથી નાખવામાં આવે છે. આ ટાઈમર લાઈટોના પોલની એકની કિંમત સાત થી આઠ હજાર રૂપીયાનો બજાર ભાવ છે. જે આ ટાઈમર લાઈટોની ૨૭ હજારની ખરીદી કરેલી છે. કોના બાપની દિવાળી શહેરની સુંદરતામાં વધારો કરવા માટે અને મોડેલરૂપી તાલુકાનું મોડલ શહેરમાં અવશ્ય નાખવી જ જોઈએ. પરંતુ જે એક ટાઈમર લાઈટના પોલની કિંમત અમદાવાદમાં સાત હજાર થાય છે. તે જ ટાઈમર લાઈટનો એક પોલના ત્રણ ઘણી કિંમત પાલિકા કેવી રીતે ચૂકવી રહી છે ? તે તપાસનો વિષય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી વડોદરા ઝોનના શહેરી વિકાસના કમિશ્નર દે.બારીયા નગર પાલિકાની સ્થળ મુલાકાત લઈ ટેન્ડરની કોપીમાં કેટલી રકમ દર્શાવવામાં આવી છે. તે બાબતે તટસ્થ તપાસનો દોર ચલાવે તેવું શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાને ગામે ગામ વ્યાપક જન પ્રતિસાદ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રાનો પ્રારંભ કરાયો છે. ત્યારે દાહોદ જિલ્લામાં ગામે ગામ વિકાસના રથ પરિભ્રમણ કરી રહ્યાં છે અને લોકોને પોતાના ગામમાં જ વિવિધ યોજનાકીય લાભો પ્રાપ્ત થતા સુંદર પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જિલ્લામાં તા.૧૯ જુલાઈ સુધી વંદે ગુજરાત વિકાસ યાત્રા જિલ્લા પંચાયતની ૫૦ સીટોને આવરી લઈને વિવિધ ગામોમાં પરિભ્રમણ કરશે.

વંદે ગુજરાત વિકાસ યાત્રાના બીજા દિવસની વાત કરીએ તો દાહોદ જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ દાહોદ, ઝાલોદ અને સીંગવડ તાલુકાના ૭૪ ગામોમાં ફરી વળ્યાં હતા અને ૩૩૨૦ લોકો આ વિકાસયાત્રામાં સહભાગી થયા હતા. તેમજ ૨૧૩૫ લાભાર્થી નાગરિકોને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરાયું છે. આ ઉપરાંત જનવિકાસના વિવિધ ૧૧ કામોના ખાતમુહૂર્ત તેમજ ૨૫ કામોના લોકાર્પણ કરાયા છે.

જિલ્લામાં ગામે ગામ વંદે ગુજરાત વિકાસ યાત્રાને લોકોનો સુંદર આવકાર મળી રહ્યો છે. ગ્રામજનો દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રાનું ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ગામડાઓમાં રથનું કંકુ તિલક સહિત ફૂલહારથી આવકાર અપાઈ રહ્યો છે.

ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસ કાર્યોને પ્રજાજનો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા ૨૦ વર્ષનો વિશ્વાસ – ૨૦ વર્ષનો વિકાસ અંતર્ગત યોજાયેલ વંદે ગુજરાત યાત્રાના માધ્યમથી સહુ ગ્રામજનો ગુજરાતના વિકાસની ઝાંખી રસપૂર્વક નિહાળી રહ્યા છે.

# દાહોદના ડુંગરપુર ગામે જમીનના ઝગડામાં પાંચ વ્યકિતના ઉપર હુમલો કરતાં ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના ડુંગરપુર ગામે જમીન સંબંધી મામલે થયેલ ઝઘડામાં મહિલા સહિત ૬ ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ખેતરમાં કામ કરી રહેલ મહિલા સહિત પાંચ વ્યક્તિઓ ઉપર હુમલો કરી માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૩ જુલાઈના રોજ ડુંગરપુર ગામે મિનામા ફળિયામાં રહેતાં ઉર્મિલાબેન સુરતાનભાઈ મિનામા તથા તેમના પરિવારજનો ગામમાં આવેલ પોતાના ખેતરમાં વાવણી કરતાં હતા. તે સમયે ત્યાં ડુંગરપુર ગામે અને દશલા ગામે રહેતાં રમેશભાઈ છગનભાઈ મિનામા, રમેશભાઈ સિરકાભાઈ મિનામા, ભાવસીંગભાઈ રમેશભાઈ મિનામા, રાકેશભાઈ સિરકાભાઈ મિનામા, વિનેશભાઈ વરસીંગભાઈ મિનામા અને લલીબેન મેસુલભાઈ સંગાડીયાનાઓએ પોતાની સાથે હાથમાં મારક હથિયારો જેવા કે, ધારીયા, લોખંડની પાઈપો તેમજ લાકડીઓ લઈ આવી બેફામ ગાળો બોલી વાવણી કરી રહેલ ઉર્મિલાબેન તથા તેમના પરિવારજનોને કહેવા લાગેલ કે, તમો ખેતરમાં કેમ વાવણી કરો છો, આ જમીનમાં કાળુભાઈની પાંચેય છોકરીઓનો ભાગ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ હથિયારો વડે ઉર્મિલાબેન, કાળુભાઈ ફતાભાઈ કલારા, ગંગાબેન કાળુભાઈ કલારા, મંગળભાઈ મલસીંગભાઈ ભાભોર અને શૈલેષભાઈ કાળુભાઈ કલારાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ઉર્મિલાબેન સુરતાનભાઈ મિનામાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કંજેટા અને લીમડી મેઘરી પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદની ચૂંટણી યોજાઈ હતી



લીમડી,

મેંઘરી પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બાલ સંસદ ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

ભારત એ વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. જેમાં લોકો ચૂંટણી દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકો વતી શાસન કરે છે, ચૂંટણી એ લોકશાહીનું પર્વ છે. જેમાં મતદાતાઓ પોતાના કિંમતી મત અધિકારનો ઉપયોગ કરે છે. આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે. બાળકમાં શાળા કક્ષાએથી જ ઉત્તમ અને જવાબદાર નાગરિક તરીકેના ગુણો વિકસે તે હેતુસર પ્રાથમિક શાળામાં બાળકોને લોકશાહી પદ્ધતિ અને ચૂંટણી પ્રક્રિયાથી વાકેફ કરવા માટે મેંઘરી પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બાલ સંસદ ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જેમાં લીમડી મેઘરી અને કંજેટા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદની ચૂંટણી યોજાઈ હતી. પુરૂષ અને મહિલા મળી કુલ ૬ ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાં કન્યા માંથી કરિશ્માબેન અને કુમાર માંથી ધ્રુવીલભાઈની શાળાના બાળકો દબાર પસંદગી કરાઈ હતી.



જાગૃતિ કન્યા કન્યા વિદ્યાલય તેમાં મછાર શિલ્પાબેન ભુંડાભાઈ સૌવથી વધારે ૩૫૦ મત મેળવી જનરલ સેકરેટરી (જી.એસ.) તરીકે નિમણૂંક કરવામાં આવી અને કટારા આશાબેન પ્રવીણભાઈ ૨૯૩ મત મેળવી ઉપજી.એસ. તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આ ચૂંટણીનાં ચુંટણી અધિકારી આર.પી. પટેલ સમગ્ર ચુંટણીનું સંચાલન કર્યું હતું અને શાળાનો સમગ્ર સ્ટાફ આ ચુંટણી અધિકારી તરીકે ફરજ બજાવી હતી.

# દાહોદ તાલુકાના રાબડાળ ગામેથી લોક મારી પાર્ક કરેલ એક મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,

ગત તા.૦૨ જુલાઈના રોજ રાબડાળ ગામે વડલી ફળિયામાં રહેતાં મિલનભાઈ ગણપતભાઈ રાઠોડે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મિલનભાઈ ગણપતભાઈ રાઠોડે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.268

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકાના નાની પીંગળી ગામે

# સ્મશાનના અભાવે ચોમાસામાં પ્લાસ્ટીકની તાડપત્રી રાખી અગ્નિ સંસ્કાર કરવા મજબુર

ગોધરા,

કાલોલ તાલુકાની નાની પીંગળી ગામમાં આઝાદીના ૭૫ વર્ષે પણ સ્મશાન નહીં થતા ચોમાસા દરમ્યાન ચાલુ વરસાદે પ્લાસ્ટિકની તાડપત્રી ઓઢાડી અગ્નિસંસ્કાર કરવાની કરૂણતિંકા જોવા મળે છે. જયારે વર્ષો થી ન થયેલા સ્મશાનના કારણે સ્થાનિક લોકોની હાલત કફોડી થાય છે. આવી સ્થિતી ઉપર તંત્ર ધ્યાન દોરે ત્યારે સાચો વિકાસ દેખાશે.





કાલોલ તાલુકાના પીંગળી ગૃપ ગ્રામ પંચાયતમાં સમાવેશ નાની પીંગળી ગામે તાજેતરમાં ગામના એક વ્યક્તિના અવસાનને પગલે ગામમાં સ્મશાનના અભાવે ગામની નદીએ ખુલ્લામાં વરસતા વરસાદ વચ્ચે પ્લાસ્ટીકની તાડપત્રી રાખીને અગ્નિ સંસ્કાર આપવાની ઘટના પ્રકાશમાં આવતા આઝાદીના ૭૫ વર્ષ પછી પણ ગામમાં એક સ્મશાન જ નહીં હોવાની દારૂણતા જોવા મળી છે. પીંગળી ગૃપ પંચાયતમાં સમાવેશ એવા નાની પીંગળી ગામની અંદાજીત ૧૩૦૦ ગામલોકોની વસ્તી ધરાવે છે. તેમ છતાં પણ પાછલા પંચાયતના ચુંટાયેલા વહીવટદારોની બેદરકારીએ નાની પીંગળી ગામ લોકોને માટે એક સ્મશાન પણ ફાળવણી કરવામાં આવી નથી. જેને પગલે નાની પીંગળી ગામમાં કોઈ પણ વ્યક્તિના અવસાનને પગલે કુવેચ નદીના કિનારે આવેલા એવા ખુલ્લા સ્મશાનમાં અગ્નિદાહ આપવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ગામના એક વડીલ વ્યકિતના કુદરતી મૃત્યુના પગલે બુધવારે વરસતા વરસાદમાં અગ્નિદાહ આપવાની નોબત સર્જાતા અગ્નિદાહ વખતે વરસાદથી બચવા માટે ગામના ડાઘુઓએ પ્લાસ્ટિકની તાડપત્રી પકડી રાખીને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. અત્રે ઉલેખનીય છે કે, પીંગળી ગૃપ પંચાયતમાં સમાવેશ એવા મોટી પીંગળી ગામમાં બે સ્મશાન છે. જયારે સાગાના મુવાડા અને રાજપુર ગામમાં એક એક સ્મશાન બનાવેલા છે, પરંતુ નાની પીંગળી ગામમાં હાલ સુધી એક પણ સ્મશાન ફાળવવામાં આવ્યું નહીં હોવાને કારણે સ્મશાનના અભાવે ખાસ કરીને ચોમાસામાં વરસતા વરસાદમાં કોઈનું મૃત્યુ નિપજે ત્યારે ગામલોકોને અગ્નિદાહ આપવાના સમયે ભારે હાલાકીઓ ભોગવવી પડે છે. જેથી નાની પીંગળી ગામમાં સત્વરે સ્મશાન બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

નાની પીગળી ગામે સ્મશાનમાં મૃતકને લઈ લઈ ગયા બાદ સ્થાનિકોએ રામધૂન કરી હતી અને વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે સ્થાનિક લોકોને જયારે ચોમાસા દરમ્યાન કોઈ પણ વ્યક્તિ મૃત્યુ પામે અને વરસાદ પડે તો ૨ દિવસ મૃતકની ડેડબોડીને સંગ્રહ કરી રાખવો પડે છે અને જયારે વરસાદ બંધ થાય પછી તેની અંતિમ વિધિ કરવી પડે છે. આવી મુશ્કેલીનો સામનો સ્થાનિકોને કરવો પડે છે.

સરકારની વિવિધ યોજનાઓમાં કરોડો રૂપિયાના કામો આપવામાં આવે છે. જેમાં કાલોલના નાની પિંગળી ગામે સ્મશાન ન હોવાને કારણે કેટલો વિકાસ કર્યો છે તે દેખાય છે. સ્થાનિક લોકો દ્વારા પદાધિકારીઓ અને અધિકારીઓને રજૂઆત કરીને થાકી ગયા પરંતુ ગ્રામ પંચાયત અને અધિકારીઓ દ્વારા સ્થાનિકોનો અવાજ સંભળાયો નથી. ત્યારે જોવાનું રહયું કે, હવે પિંગળીમાં ક્યારે સ્મશાન બનશે.

# ગોધરા પંથકમાં ચકચાર જગાવનાર અને શિક્ષણ જગતમાં લાંછણરૂપ ઘટનામાં લાંચ લેનાર આચાર્ય ના નિયમિત જામીન નામંજૂર કરતી સ્પેશિયલ કોર્ટ

ગોધરા,

ગોધરા પંથકમાં હાલમાં મોરડુગરા ખાતે આવેલી ગાયત્રી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના આચાર્ય દ્વારા વિધાર્થીનીને શાળામાં પ્રવેશ આપવા માટે રૂપિયા ૨૦૦૦/– ની લાંચ માંગવામાં આવી હતી અને ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમને ગોધરા એ.સી.બી કચેરીનો સંપર્ક કરેલ અને ગોધરા એ.સી.બી કચેરી દ્વારા લાંચનું છટકું ગોઠવવામાં આવતાં આરોપી આચાર્ય પોપટસિંહ દલાભાઈ બારીઆ રૂપિયા ૨૦૦૦/–ની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જેમને એ.સી.બી પોલીસ દ્વારા પંચમહાલ જિલ્લાના સેસનસ જજ અને સ્પેશિયલ કોર્ટ એ.સી.બી જે.સી.દોશીની કોર્ટમાં રજુ કરવામાં આવતા નામદાર કોર્ટ દ્વારા આરોપી લાંચીયા આચાર્યને બે દિવસના પોલીસ રિમાન્ડ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ આ લાંચીયા આરોપી આચાર્ય દ્વારા નામદાર કોર્ટમાં નિયમિત જામીન ઉપર મુકત થવા માટેની અરજી દાખલ કરતાં જામીન અરજીની સુનાવણી થતાં નામદાર કોર્ટ દ્વારા જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને અને શિક્ષણ જગતમાં આવો ભષ્ટ્રાચાર ચલાવી લેવાય નહીં અને શિક્ષક એ ખૂબજ પવિત્ર વ્યક્તિ છે અને શિક્ષકનો વ્યવસાય પણ ખૂબજ પવિત્ર વ્યવસાય છે અને સરકાર દ્વારા પણ જયારે કન્યા કેળવણી મફત આપવામાં આવે છે. ત્યારે ગામડાની દિકરીને ભણવા માટે લાંચ આપવી પડે તે ખૂબજ દુઃખદ. ઘટના ગણાય અને તેથી પંચમહાલ જિલ્લાના સેસનસ જજ તથા સ્પેશિયલ કોર્ટ એ.સી.બી જે.સી દોશી દ્વારા લાંચીયા આરોપી આચાર્યની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે.

# પંચમહાલ જિલ્લામા વંદે ગુજરાત વિકાસ યાત્રા રથને ઠેર ઠેર મળી જન પ્રતિસાદ રહ્યો છે

ગોધરા,

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.આ અંતર્ગત પંચમહાલ જિલ્લામા વિકાસ યાત્રા રથને ઠેર ઠેર સમર્થન મળી રહ્યું છે. આ અંતર્ગત ઘોઘંબા તાલુકાના રણજીતનગર ગામે રથ પહોચ્યો હતો. ત્યારે પરંપરાગત રીતે ઢોલ નગારાના નાદ સાથે હાલોલ ધારાસભ્ય જયદ્રસિંહ પરમાર અને ગ્રામજનો દ્વારા રથના વધામણાં કરવામાં આવ્યા હતા. આ સાથે ૮૦૦થી પણ વધારે ગ્રામજનોની હાજરીમા નવિન ૩૯ વિકાસના કામોની જાહેરાત તથા ૦૪ વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે અત્રે ૧૯૪ લાભાર્થીઓને મંજૂરી હુકમ, પ્રમાણપત્ર અને કીટસનું વિતરણ કરાયુ હતું.



વંદે ગુજરાત વિકાસ યાત્રા રથ નંબર ૦૧ ગોધરા તાલુકાના લાડપુર ખાતે પહોચ્યો હતો. જ્યાં ગ્રામજનોની હાજરીમા નવિન ૧૫ વિકાસના કામોની જાહેરાત અને લાભાર્થીઓને સહાયના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મોટી સંખ્યામાં ગ્રામજનો દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રારથને વધાવી રહ્યા છે.

આ રથયાત્રા આગામી ૧૯ જુલાઈ સુધી પંચમહાલ જિલ્લાના વિવિધ ગામોની અંદર પ્રસ્થાન કરશે. ગુજરાતના છેલ્લા ૨૦ વર્ષોમાં વિકાસના એકય ક્ષેત્રને વંચિત રાખ્યું નથી. ગુજરાતે તમામ ક્ષેત્રે વિકાસના નવા જ આયામો પ્રસ્થાપિત કર્યા છે. દરેક ક્ષેત્રોમાં વિકાસ અને ગુજરાતીઓના પુરૂષાર્થે ગુજરાતને વિશ્વ ફલક ઉપર મૂકી દીધું છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં કૃષિથી માંડીને ઉદ્યોગ, પીવાના પાણીથી માંડીને આંતરમાળખાકીય સવલતો, શિક્ષણથી માંડીને રોજગાર, પરિવહનથી માંડીને પ્રવાસન જેવાં તમામ ક્ષેત્રે ગુજરાતે વિકાસની સિધ્ધીઓ હાંસલ કરી છે.

# કાલોલ MGS હાઈસ્કુલમાં અભ્યાસ કરતા લઘુમતિ કોમના વિદ્યાર્થીને સ્કુલમાંથી કાઢી મુકતા જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત

કાલોલ,

કાલોલની એમ.જી.એસ. હાઈસ્કુલમાં અભ્યાસ કરતા લઘુમતિ કોમના વિદ્યાર્થીને શાળાના આચાર્ય અને સુપરવાઈઝરે ભણવુ હોય તો દાઢી કાઢીને આવવાનુ કહેતા માતા–પિતાએ પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ રજુઆત કરી છે.

આ રજુઆતમાં જણાવ્યુ છે કે, ધોરણ–૧માં અભ્યાસ કરતા ૧૭ વર્ષિય સાહિલ સલીમભાઈ મેતરે ધાર્મિક માન્યતા મુજબ સાધારણ દાઢી રાખી છે. તારા ધર્મની માન્યતા જે હોય તે પણ અમારી શાળામાં ભણવુ હોય તો દાઢી કઢાવીને જ આવવાનુ નહિતર એલ.સી. લઈને ચાલતી પકડો, તેમે તેને જણાવવામાં આવ્યુ હતુ. આ નિવેદનનો ઓડિયો, વીડિયો જિલ્લ શિક્ષણાધિકારી સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. વાલીઓએ એવી પણ રજુઆત કરી હતી કે, સાહિલને દાઢીના મુદ્દે અવાર નવાર હેરાન કરવામાં આવે છે. એવો પણ આક્ષેપ કરાયો હતો કે,આચાર્યએ જણાવ્યુ હતુ કે, અમારી શાળામાં નિયમ છે કે, કોઈપણ મુસ્લિમ વિદ્યાર્થી જો દાઢી રાખેલ હશે તો શાળામાં એન્ટ્રી આપવામાં આવશે નહિ, વિદ્યાર્થીની માતા દ્વારા શિક્ષણમંત્રી, ગૃહમંત્રીને પણ લેખિતમાં રજુઆતો મોકલીને કાલોલ પોલીસે સ્ટેશનમાં પણ લેખિત અરજી કરવામાં આવી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલના શહેરામાં વરસાદી માહોલ જામ્યો હતો. જ્યારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા માર્ગો પણ પલડી જવા સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તાલુકાના પાલીખંડા, કાંકરી સહિત ગ્રામીણ વિસ્તારમાં પણ વરસાદ શરૂ હતો. વરસાદ શરૂ થતા કામ અર્થે અને નોકરી પર થી પરત ફરી રહેલા લોકોને છત્રી અને રેઈનકોટનો સહારો લેવો પડી રહ્યો હતો. તાલુકા વાસીઓને ઉકરાટ ભર્યા વાતાવરણમાંથી મુક્તિ મળવા સાથે ગરમીમાંથી આંશિક રાહત થઈ હતી.

# ગોધરા તાલુકામાં બે ગ્રામ પંચાયતમાં ચુંટણી યોજવા રાજય ચુંટણી આયોગને રજુઆત

ગોધરા,

કારોબારી સભ્ય, ગુજરાત પ્રદેશ ભાજપા તેમજ પંચમહાલ જિલ્લા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ દ્વારા ગોધરા તાલુકાની બે ગ્રામ પંચાયતની ચુંટણી યોજવા માટે રાજ્ય ચુંટણી આયોગના સચિવને રજુઆત કરી હતી.

પંચમહાલ જિલ્લા પંચાયતના પુર્વ ઉપપ્રમુખ ગોપાલભાઈ પટેલ દ્વારા રાજયના ચુંટણી આયોગના સચિવને રજુઆત કરી હતી જેમાં જણાવ્યુ હતુ કે, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની કલ્યાણા અને ધુસર ગ્રામ પંચાયતના સરપંચોને વિભાગ દ્વારા ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. અને ઘણા લાંબા સમયથી ડેપ્યુટી સરપંચ બંને પંચાયતોના ચાર્જ સંભાળી રહ્યા છે. તાજેતરમાં રાજય ચુંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતના સરપંચની ચુંટણી માટે મતદારયાદીનુ જાહેરનામુ બહાર પાડ્યુ છે. અને ચુંટણી પંચ દ્વારા બાકી રહેલ તમામ સરપંચોની ચુંટણીની તારીખ જાહેર કરવા સ્પષ્ટ જાહેરાત કરી છે. છતાં પણ પંચમહાલ જિલ્લા તાલુકા પંચાયત કચેરીની કક્ષાએથી જિલ્લા પંચાયતની કચેરીએ ઉપરોકત બંને પંચાયતોના સરપંચોની જગ્યા ખાલી હોવા અંગેનો રિપોર્ટ કરેલ ન હતો. જેના કારણે બંને પંચાયતોની ચુંટણીનો પ્રસિદ્ધ થઈ નથી. જેથી આગામી ગ્રામ પંચાયતોની ચુંટણીના જાહેરનામામાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કલ્યાણા અને ગુસર ગામના સરપંચની ચુંટણી કરવા વિનંતી સહ ભલામણ છે. તેવો આવેદન પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# ગોધરા તાલુકાના પાંડવા રે.સ.નં.૨/૯, ૩/૯ વાળી જમીનોમાં ગેરરીતિઓ તથા પ્રિમીયમના નુકશાન કરતાં કે.આર. શાહ, બી.એમ. પટેલ પાસેથી વસુલાત કાર્યવાહી કરાશે ?

ગોધરા,

ગોધરા તાલુકાના પાડવા ગામના સર્વે નંબર ૩/૯ પૈકી–૨ અને સર્વે નંબર ૩/૯ પૈકી–૩ વાળી જમીનો તા.૨૨/૪/૧૯૮૨ થી ૭૩ એ.એ.ના નિયંત્રણો સરકારી મહેસુલી વિભાગના પરિપત્રો નંબર ૧૦૮૦/લ/૩૪૩૪ થી ગામ નમુના ૭/૧૨ માં નોંધ થયેલ હોય તેવી જમીનો પંચમહાલ જીલ્લા કલેકટરની પૂર્વ મંજુરી વિના કે તબદીલ ન થતી હોવા છતાં ફરજ દરમ્યાન જે તે સમયના હાલ મહેસુલ વિભાગ અને ગુજરાત સરકારમાં ખાતાકીય તપાસ તથા ડીસમીસ કે નિવૃત તેવા જે તે સમયના સર્કલ ઓફિસર કે.આર.શાહ અને હાલ ૭/૧૨ પર ચાલતા કૃષ્ણકાંત રમણલાલા શાહ વિગેરે દ્વારા ખોટો કૃષિપંચ અને અધિક મામલતદાર દાહોદ સમક્ષ સદર જમીનોમાં ૮૪(૩) મુજબ કાર્યવાહી પોતે કરી કરાવી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાની પૂર્વ મંજુરી વિના ૭૩ એ.એ.વાળી પાડવા ગામની ૩/૯ પૈકી–૨ અને ૩/૯ પૈકી–૩ વાળી જમીનોમાં ફરજ દરમ્યાન ગેરરીતિઓ આચરેલ છે. આ જમીનો કેસ ગોધરા મામલતદાર ગોધરા હુકમ નં.૮૪(૩) ૧૦/૪/૨૦૦૨ના રોજ કૃષ્ણકાંત રમણલાલ શાહ સાથે સંબંધ ધરાવતા ઈસમો કાયમી હકક રકમ એક સાથે ભરવાના હુકમ સફળ થયા અને સરકારી ૭૩ એ.એ.નો પણ કેવો ઉપયોગ કરીને માલિક બનાય તેનો એક દાખલો ગોધરા તાલુકો પાડવાનો વધુ કિસ્સો બહાર આવેલ છે. આમ, ગોધરા તાલુકાના ૭૩ એ.એ.વાળી જમીનો માન. મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના ગુજરાત સરકારમાં શુભ પગલા થી તમામ ગરીબ આદિવાસી તથા અને પ્રજાને રાહત થયેલ છે. આ જમીનોમાં તા.૨૨/૪/૧૯૮૨ થી ૭૩ એ.એ.ના નિયંત્રણો ગુજરાત સરકારે જાહેર કરેલ છે. જે જમીનોમાં (૧) નાયક શનાભાઈ રવાભાઈ, (૨) નાયક છગનભાઈ રવાભાઈ, (૩) નાયક કાનાભાઈ રવાભાઈ, (૪) નાયક મગનભાઈ રવાભાઈ, (૫) નાયક માલજીભાઈ રવાભાઈ ગામ નમુના નંબર ૭/૧૨માં (લાલ શાહીથી) ૭૩ એ.એ.થી સત્તાપ્રકારી નોંધ સાથે જીલ્લા કલેકટર પંચમહાલની પૂર્વ પરવાનગી સિવાય તબદીલ ન થઈ શકતી હોવા છતાં ચંદુભાઈ છગનભાઈ, બાબુભાઈ શનાભાઈ સંયુકત નામે ચાલતી જમીનો શાહ કૃષ્ણકાંત રમણલાલ, ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરે ઈસમો એ ૭૩ એ.એ.વાળી જમીનો કોઈપણ પ્રકારે ફેરફાર ના થઈ શકે તેવો કૃષિપંચ મામલતદાર દાહોદ–ગોધરા એ હુકમ કરેલ છે. તે બાબતે જાગૃત નાગરિક દ્વારા વારંવાર રજુઆતો પણ કરવામાં આવેલ છે. તેમ છતાં આ કૃષ્ણકાંત રમણલાલ શાહ દ્વારા તમામ પ્રકારના ખેલોમાં નિષ્ફળતા મળેલ છે. થોડા સમય થયા પછી ગીલ્લી દંડા રમવાનું ચાલુ કરી જે તે સમયના નિવૃત મામલતદાર બી.એમ.પટેલ તથા આર.આર. ગરોડા મુખ્ય અધિકારીને ધ્યાન દોર્યા વગર જે તે સમયના નાયબ મામલતદાર મહેસુલ બી.એમ.પટેલ પાસે ૧૫ વર્ષનો ગાળો બતાવી ગોધરા જે તે આસીસ્ટન્ટ કલેકટર પ્રાંત ગોધરા અવલોકન અર્થે મોકલી આગળની કાર્યવાહી કરવા જણાવે જાગૃત નાગરિક દ્વારા ભારપૂર્વક અરજી તથા રજુઆતોના આધારે તથા કાયદા અને વહીવટી રેકર્ડ રૂલ્સ મુજબ ચી.ટુ.કલેકટર પંચમહાલને રજુઆતો કરતા તથા તે અંગે જીલ્લા કલેકટર પંચમહાલને રજુઆતો કરતા તથા તે અંગે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા પી.ભારતી તાત્કાલીક નોંધના આદેશો અનુસાર નાયબ મામલતદાર મહેસુલ જે તે સમયના હાલ નિવૃત દ્વારા આર.આર.ગરોડા મામલતદાર ગોધરા નિવૃત હાલને અંધારામાં રાખી આસીસ્ટન્ટ કલેકટર અને પ્રાંત અધિકારી ગોધરા તરફ અવલોકન અર્થે મોકલતા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના રિપોર્ટ રજુ થતા અવલોકન હુકમ નામંજુર કરેલ છે અને હાલ આ જમીનો ઉપર મનાઈ હુકમ ફરમાવેલ છે. જાત જાત ખેલોમાં કૃષ્ણકાંત રમણલાલા શાહ વિગેરે ઈસમોને નિષ્ફળતા પ્રાપ્ત થયેલ છે. આ સંજોગોમાં જે તે સમયના મુખ્યમંત્રી હાલના તત્કાલીન ભારત દેશના વડાપ્રધાનનો રેફરન્સ હોય તે બાબતે ખાતાકીય તપાસ બાબતે પ્રાથમિક તપાસ જે તે સમયના પી.ભારતી દ્વારા કાયદા તથા રેવન્યુ રેકર્ડ નોંધો સાથે ચી.ટુ. કલેકટર પંચમહાલ ગોધરા તથા તલાટી જે તે સમયના સબના દ્વારા રૂબરૂ પ્રાથમિક તપાસ પંચમહાલ ગોધરા કલેકટર જે તે સમયના પી.ભારતી દ્વારા થયેલ હોવા છતાં મોજે પાડવા તાલુકો રે.સ.નં.૩/૯ પૈકી–૨ અને ૩/૯ પૈકી–૩ વાળી મિલ્કતોમાં આજદિન સુધી નાયક ઈસમોને પરત કે સરકારી પડતર કરેલ નથી.

આમ, આ પ્રરણ ૨૦૦૯માં ભારપૂર્વક આદેશો નોંધોના તથા રીપોર્ટોના આધારે થયેલ છે. તેમ છતાં ગુજરાત તકેદારી ૨૦૧૦ સખત સુચનાઓનું પાલન જીલ્લા કલેકટર પંચમહાલના કર્મચારીઓ–અધિકારીઓ દ્વારા ખુબ જ મોટા પ્રમાણમાં એક બીજા કર્મચારીઓને બચાવવા ફુટબોલના ખેલો ખેલી રહ્યા છે. આ બાબતે પંચમહાલ કલેકટરના વહીવટદાર ચી.ટુ.કલેકટર નિવાસી અધિક ક્લેકટર પંચમહાલ ગોધરા તરફ થી હાલ ગુજરાત રાજ્ય કેડરના મુખ્ય આઈ.એ.એસ. અધિકારી સુજલ મયાત્રા પાસે ફાઈલ પહોંચશે કે પછી આ ફાઈલ ઉધઈ ખાશે. તે જીલ્લા કલેકટરના કર્મચારી– અધિકારીને જોવાનું છે. આમ, ગોધરાના નાગરિક દ્વારા માન. મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકારને પ્રાથમિક તપાસના અહેવાલ સાથે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ, હાલ નિવૃત મામલતદાર, મહેસુલ નાયબ મામલતદાર ગોધરા તથા પ્રાંત ગોધરા શિરસ્તેદાર ગોધરા (૧) બી.એમ.પટેલ, (૨) ઈકબાલભાઈ શેખ દ્વારા અંબાલી તથા ગોવિંદીની મિલ્કતોમાં સરકારી પ્રિમીયમની (બે કરોડ) (અઢી કરોડ)ની ઉચાપત કરી સરકારને નુકશાન પહોંચાડેલ છે. જે પણ હાલ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના મહેસુલ કર્મચારીઓ પાસે પેન્ડીંગ છે. તે બદલ સરકારી ગેરરીતિઓની ઉચાપત (૧) બી.એમ.પટેલ, (૨) ઈકબાલભાઈ શેખ સામે સરકારી વસુલાત તથા માસીક પેન્શન બંધ થાય તેવી રજુઆતો અધિકારીઓને લેખિત જાણ કરવામાં આવેલ છે. આમ, (૧) કૃષ્ણકાંત રમણલાલ શાહ, (૨) બી.એમ.પટેલ, (૩) ઈકબાલભાઈ શેખ આ ત્રણે કર્મચારીઓ ગુજરાત સરકારમાં ફરજ બજાવેલ સામે ફોજદારી રાહે પગલાં લેવા બાબતની તથા વસુલાતની જીલ્લા કલેકટર પંચમહાલ આઈ.એ.એસ. સુજલ મયાત્રા આ બાબતે રાજ્ય સરકારને દરખાસ્ત કરી અધિકાર પરત્વે એફ.આર.આઈ. નોંધાવશે કે નહીં તે ગુજરાત સરકારના મહેસુલ વિભાગને જોવાનું છે.

# ગોધરા તાલુકાની મહેલોલ હાઈસ્કૂલમાં પી.એમ.જી. દિશા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ નોંધણી કરાવી



ગોધરા,

ગોધરા તાલુકાની મહેલોલ ખાતે આવેલ જી.ડી. શાહ એન્ડ જે.આઈ. પંડ્યા હાઈસ્કૂલમાં પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન અંતર્ગત આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ અભિયાનમાં ભારે ઉત્સાહ પૂર્વક નોંધણી કરાવી હતી. આ નોંધણી સી.એસ.સી. વી.એલ.ઈ. બારીઆ આશિષકુમાર તેમજ બારીઆ ગોપાલસિંહ દ્વારા કરવામાં આવી હતી.આ અભિયાનનો મુખ્ય હેતુ એ છે કે, જે લોકો ગામડામાં રહે છે. ડિજિટલ જ્ઞાન થી નિરીક્ષર છે. તેમને ડિજિટલ સાધનો તેમજ ઈન્ટરનેટ થી માહિતગાર કરવાનો હોય છે. જેમાં ઘરમાં એક વ્યક્તિ કોમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટનો ઉપયોગ કરવાનો જાણ તો હોવો જોઈએ તે હેતુ થી પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન ચલાવામાં આવે છે. આમાં લાભાર્થીની ઉમર ૧૪ થી ૬૦ વર્ષ સુધીના ગ્રામ્ય નાગરિક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ અભિયાનમાં મફત રજીસ્ટ્રેશન અને મફત બેઝીક સાક્ષરતા તાલીમ આપવામાં આવે છે. જેમાં લાભાર્થીને ૧૦ દિવસ સુધી બેઝીક કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે. ત્યાર બાદ તેની એક પરીક્ષા લઈ ત્યારબાદ તેઓ પરીક્ષામાં પાસ થાય તો તેમને એક કોમ્પ્યુટરનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. આમ, મહેલોલમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક નોંધણી કરાવી હતી.